॥ श्री. ॥

हिन्दी प्रबोध भाग १ लाना गुजराती अर्थ

(तरजुमा साथे)

लेखक

शिवाभाई मोतीभाई पटेल.

अने

मणिशंकर जोइतराम पुरोहित

शिक्षक मु० शाळा—नार

प्रकाशक

मणिलाल मुळजीभाइ उपाध्याय

बुकसेलर एन्ड पब्लीशर—पेटलाद

किंमत. ०—३—०

॥ श्री. ॥

हिन्दी प्रबोध भाग १ ला ना गुजराती अर्थ

(तरजुमा साथे)

लेखक

शिवाभाई मोतीभाई पटेल.

अने

मणिशंकर जोइताराम पुरोहित.

शिक्षक गु० शाळा—[illegible]

प्रकाशक

मणिलाल मुळजीभाइ उपाध्याय

बुकसेलर एन्ड पब्लीशर—पेटलाद

किंमत ०—२—०

आ पुस्तक अमदावाद-खाडीआमां आवेला श्री भाग्योदय
प्रिन्टींग प्रेसमां जेठालाल देवशंकर दवेए प्रसिद्ध कर्त्ता
माटे छाप्युं ता. १५-४-२८ प्रत ३०००

|| श्री ||

|| श्रीगणेशायनमः ||

हिन्दी प्रबोध भाग १ ला ना गुजराती अर्थ.

(तरजुमा साथे)

पाठ पहला—પાઠ પહેલો.

(बिंदी वाले अक्षर—મીંડાવાળા અક્ષર.)

करना-કરવું.	डगना-ડગવું.	पढना-ભણવું.
डालना-નાંખવું.	अडना-રોકવું.	जाना-જવું.
पीना-પીવું.	बोलना-બોલવું.	गाना-ગાવું.
डरना-ડરવું, બ્હીવું.	उडना-ઉડવું.	कहना-કહેવું.
बैठना-બેસવું.	कूदना કુદવું.	धोना ધોવું.
लेना-લેવું.	खेलना-રમવું.	आना-આવવું.
ढांकना-ઢાંકવું.	चलना-ચાલવું.	लडना-લઢવું.
देना-આપવું.	चढना-ચઢવું.	यज्ञ-હવન.
ढलना-ઢળવું.	रोना-રડવું.	ज्ञान-સમજણ.

पाठ दुसरा-પાઠ બીજો.

मौसी-માસી.	जनाब-મહાશય	आवाज-અવાજ.
बौना-ઠીંગણો.	आलू-બટાટા.	नौलिया-રૂમાલ.
बेत-नेतर.	दावत-જમણ-ઉજાણી.	फर्श-સાદડી

अदरक—આદુ. गलीचा—ગલીચો. कडाही—કઢાઇ.
खरगोश—સસલું. कागज—કાગળ. दावात—ખડીઓ.
लिफाफा—પરબીડીયું. इम्तहान—પરીક્ષા. मजदुर—મજુર.
गडरिया—ભરવાડ. मुखतार—સ્વતંત્ર,મુખત્યાર. मुन्सिफ—મુનસફ.
सफेद—ધોળું. जनानखाना—સ્ત્રીઓને રહેવાનો ઓરડો.
कानु—સત્તા. खामी—અપુર્ણતા. गरज—મતલબ
खत—પત્ર. कोलाहल—ઘોંઘાર.

पाठ तीसरा—પાઠ ત્રીજો.

कौन—કોણ. आया—આવ્યું. यहीं—અહીં.
मेज—મેજ. किताब—પુસ્તક. कलम—કલમ.
यह—આ. उन्होंने—તેમણે.
भतीजा—ભત્રીજો. वे—તેઓ. बहिन—બહેન.
इससे—આથી. गिरगइ—પડી ગઇ. तुमने—તમે.
गिलहरी—ખીસકોલી. वह—તે. पेड—ઝાડ.
गँवाइ—ખોઇ. ये—આ. कबूतरे—કોતરો.
लगर—ચાંદો. रघुवीर—રઘુવીર (નામ.) लौटा—પાછો ફર્યો.
नक—નખી. चाहते हैं—ચાહે છે. कइ—કેટલાક.

(१) मगन यह कौन आया ?—મગન આ કોણ આવ્યું ?

(२) भाइने कागज लिखा—ભાઇએ કાગળ લખ્યો.

(३) મામાએ શું કહ્યું ?—(૪) તેમણે માસીને બોલાવી.

(૫) મારી ભત્રીજી આવી. (૬) તેઓ સર્વે ક્યાં ગયા. (૭) પીતાજીએ ભોજન કર્યું. (૮) માતાજી બહાર ગયાં. (૯) આ શું થયું? (૧૦) ખડીઓ કેમ ભાગ્યો? (૧૧) બહેન કલમ લેવા ગઇ. (૧૨) આથી પડી ગઇ. (૧૩) તમે ખાસકરી તે જોઇ? (૧૪) તે ઝાડ ઉપર ચઢી (૧૫) પુસ્તક કેવી રીતે ગુમાવ્યું. (૧૬) તેઓ ઉભી રહી. (૧૭) આ ચોતરા ઉપર બેઠી. (૧૮) વાદરો કુદે. (૧૯) રઘુવીર સુતો. (૨૦) ખાટના તુટયો. (૨૧) [illegible] પાછો ફર્યો. (૨૨) આપે શું ખાધું? (૨૩) તમે આ જોયું? (૨૪) આ કેટલાક દિવસ થયી મેજ ઉપર પડી હતી. (૨૫) ઇશ્વર આમાગં સઘળાં કામોને જુએ છે (૨૬) સાચા છોકરાને બધા ચાહે છે.

पाठ चौथा—પાઠ ચોથો.

मैं-હું अपने—[illegible] हैनेंह [illegible]

हाकम—[illegible] खिलौने—રમકડ नमवीने—[illegible]

तुम-તમે वहां-ત્યાં. और—અને [illegible] भी—પણ

उनों-તેમનાં ये [illegible] कुर्मी [illegible] [illegible]

[illegible]-[illegible] [illegible] जब-જ્યારે

मीनर [illegible] आपसमें-[illegible] [illegible]-તેમને

कहानियां-વાતો. उपदेश-શિખામણ. प्रकारका-પ્રકારના.

पहचान ઓળખાણ. [illegible] आकृतियें-આકૃતિઓ

परम—મુખ્ય. सफाई—સ્વચ્છતા. [illegible]

पढे लिखे ભણેલા ગણેલા સમજું

(૧) આજ તમે ક્યાં જાઓ છો ? હું મારા બાપુજીના મકાન પર (ઘેર) જાઉં છું. ત્યાં મારી બહેન રમી રહી છે. (રમે છે) [૨] શું બીજાં છોકરાં પણ ત્યાં જાય છે ? હા, શેઠનાં છોકરાંના સાથે રમવામાં તેમને આનંદ આવે છે. (થાય છે.) (૩) ચાલો ત્યાં જઇને જોઇએ. (૪) આ બે તો આંગણામાં ઉભાં છે. એક ખુરસીની પાસે ઉભો ઉભો હસે છે. (૫) એક છોકરો અંદર જાય છે બીજો એ મેજને ખેંચે છે. (૬) છોકરાંને માંહેમાંહે એક બીજા ઉપર ઘણો પ્રેમ હોય છે (૭) તેઓ કદી કદી લડે પણ છે, શેઠ છોકરાંને ઘણાંજ ચાહે છે. (૮) જ્યારે છોકરાં રમે છે ત્યારે તેઓ પાસે બેસે છે (૯) તેઓ તેમને કહેવતો - વાતો સંભળાવે છે અને છબીઓ પણ દેખાડે છે. (૧૦) कइ प्रकारके खिलौने भी उनके यहां रहेते हैं કેટલીક જાતનાં રમકડાં પણ તેમને ત્યાં રહે છે (૧૧) તેમને તેઓ સાફસુફ (સાફસુફ) રાખવાનો ઉપદેશ શિખામણ આપે છે (૧૨) મારી બહેન કેટલીક જાતની આકૃતિઓ બનાવે છે. (૧૩) તે આંકડાં અને અક્ષર પણ ઓળખી લે છે (૧૪) ભણેલ ગણેલા - સમજુ માબાપ પોતાનાં છોકરાંને પોતાના જેવાંજ બનાવે છે. (૧૫) માબાપના આજ્ઞા માનવી (એ) છોકરાંનો મુખ્ય ધર્મ છે.

पाठ पांचवाँ પાઠ પાંચમો.

तू-તું	काफी-જોઇએ તેટલું.	मोटे જાડાં.
मुसाफिर-મુસાફર की-કે	सुती कपडोंसे-સુતરાઉ કપડાથી	
उस-તે	मद्रसेमें—નિશાળમાં	महंगे-મોંઘાં
वक्त-વખત	निबाहूंगा-નભાવીશ	मिलेंगे-મળશે

सिर्फ-કેવળ, ફક્ત   होगा હશે   मोल-વેચાતું
कमीज-ખમીસ शायद—કદાચ मशहरी के लिये-મચ્છરદાનીને માટે.

મોહને કહ્યું શું આજ આપ અહીંજ રહેશો ?

મગન—હા, હું કાલે જઇશ.

મોહન—તમે અમદાવાદ ક્યારે પહેંચશો.

મગન—બરાબર ત્રણ વાગે પહોંચીશ.

મોહન—તું શું વડોદરે જઇશ ?

મગન—ના જી, હું મુંબાઇ જવાનો છું. કોઇ મુસાફરને પૂછી લઇશ. ગાડી કેટલે વાગે જાય છે. મેં મારી ભત્રીજીને પણ લખ્યું છે, તે પણ સ્ટેશનપર આવી હશે. તે વખતે ભાઇ કદાચ નિશાળમાં ભણવા ગયો હશે, અમદાવાદના ખદી આશ્રમમાંથી કંઇ કપડાં પણ ખરીદીશ.

મગન—આપ વડોદરે ઉતરશો તો આપને વખત પણ જોઇએ તેટલો મળશે.

મોહન—ત્યાં તો કપડાં મોંઘા મળશે. હમણાં તો જાડાં સુતરાઉ કપડાંથી નભાવીશ.

सिर्फ मशहरी के लिये कपडा मोल लेना होगा-ફક્ત મચ્છરદાનીને માટે કપડું વેચાતું લેવું હશે.

મગન—મારે માટે કોટ, ખમીસ, અને પાટલુન (સુરવાળ) નું લુગડું લેતા આવશો ?

મોહન—જી હા, વડોદરા આજકાલ ગુજરાતનું સરસ્વતી મંદિર છે. અને જોવાલાયક પણ છે. ત્યાંના રાજા શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ મહારાજ જગતમાં પ્રખ્યાત નરરત્ન છે

पाठ छठा – પાઠ છઠ્ઠો.

लोग—લોક	कुपात्रों—નલાયકો	सूझी है—સુજ્યું છે.
मैंने—મેં	दारिद्र—આળસ	कलीकाल—કળીયુગ.
कूडा—કચરો	पतियाता—વિશ્વાસ કરતું	
ज्ञानीको-સમજુને	कुछ—કાંઇ	निगाह—નજર
निंदा-ખરાને ખોટું કહેવું તે		स्तुति—વખાણ.
देनेको-આપવાને	आदर्शों—અનુકરણ કરવા યોગ્ય બાબતો.	
कलको—કાલને માટે	पुकारना—બોલાવવા	आलसी—આળસુ.
अहिंसा व्रत—પાપ ન કરવાનો નિયમ		अब—હવે.
आवश्यकताओ—જરૂરીઆતો.	गति—લીલા.	प्रयोजन—કામ.
झुठता—જુઠાબોલાપણું.	तुझे—તને	पहिचानता—ઓળખે.

(૧) પહેલાં બ્રાહ્મણ લોકો ઉપદેશ કરતા હતા. તેઓ હાલ આળસુ થઇ ગયા છે. (૨) તેં કદી ગીતા વાંચી છે? મેં ઉપદેશ કરનારીને જોઇ. તે મને બોલાવવા ઇચ્છતી હતી. (૩) મારૂં કામ કોણ સંભાળશે? સમાજની જરૂરીઆતો સમજો (વિચારો) [૪] ઘરમાં કચરો અહીં તહીં ન ફેંકો (નાંખો) ગામનો જાની ઓળખે છે. (૫) તેને પ્રેમની નજરથી જુઓ. તેણે અહિંસા વ્રત આરંભ કર્યું. [૬] હે ઇશ્વર તારી શક્તિને ધન્ય છે. કુપાત્રને દાન આપીને દારિદ્ર (આળસ) વધારશો નહિ. (૭) અમારે ફક્ત નૈતિક બળ સાથે કામ છે. (૮) તે જુની અનુકરણ કરવા યોગ્ય બાબતોને ભુલ્યો નહોતો. જુઠાઓનો કોઇ વિશ્વાસ રાખતું નથી. (૯) તને સ્વાર્થને લીધે કયું જણાય છે? આજનું

કામને માટે રાખશો નહિ (૧૦) તને શું સુઝયું છે કે તું નિંદાને સ્તુતિ (વખાણ) માની બેઠો છું. (૧૧) તેણે મને કહી દીધું કે હવે કળીકાળ (કળીયુગ) પૂરો થવાનો છે (૧૨) અમારી પાસે આપવાનું શું છે? પાપને વેગળુ કરો. કર્તવ્યને સમજો (ઓળખો) (૧૩) પોતાના શરીરને મજબુત બનાવો.



पाठ सातवाँ –પાઠ સાતમો.

कानोंका– કાનનું	बीमारोंकी– માંદાઓની	खून—લોહી
हमलोग – અમે	मुवाफिक અનુસાર	विद्याके–વિદ્યાને
मनमाना–મનમાન્યુ	उखाड़ने–મુળમાંથી કાઢવી	
विद्याके –વિદ્યાને	दिल जमाकर–મન ધારીને	
वर्ताव—વર્તન	नाराज होकर ગુસ્સાથી	
अतिथि–પરોણો	अपनासा પોતાના જેવા	
प्रति– તરફ	नेताओं અગ્રેસરો	

(૧) [illegible] સાહેબની [illegible] મુબારક છે ભારતના બાળકો આહ્લાદ [illegible] પ્રેમથી જુએ છે. (૨) [illegible] અમારા [illegible] તાઓની આત્માને [illegible] (૩) [illegible] ઉપર સાધારણ ગણતા [illegible] કદી ઉન્નત થતી નથી (૪) અમે માબાપ [illegible] મેમાનને દેવ માની [illegible] (૫) [illegible] નથી, (૬) ક્રોધને [illegible] તેનો રંગ [illegible] લોહીના [illegible] થઈ ગયો. (૭) સારા કામોનું ફળ સારૂં છે અને [illegible] નઠારૂં (૮) गर्मी आँखें [illegible] भरके

धनसे नहीं भरती અસંતોષીને ગમે તેટલું ધન મળે પણ સંતોષ થતો નથી. આપે (તમે) દુધનું દુધ અને પાણીનું પાણી કરી દીધું. (દુધ અને પાણી જુદું કરી સ્પષ્ટ બતાવ્યું,) નહિં તો આ લડતાં લડતાં મરી જાત, (૯ **मनमाना किया करना मूर्खता है** મનમાં આવે તેવું કર્યા કરવું એ) મુર્ખતા છે. (૧૦) વિદ્યા બરાબર કોઇ ધન નથી. નઠારા માણસોની સોબત ભૂલથી પણ ન કરો (૧૧) તેનો તો આખો દિવસ અમીરોની ખુશામત કરવામાં જાય છે અથવા તમારે કોઇ કામ કરવું હોય તો તેમાં મન પરોવીને કર્યા કરો (૧૨) કોઇના તરફ ક્રોધ અથવા દ્વેષ ભાવ રાખવો. (એ) ખરાબ છે, (૧૩) ધણીનું કામ ખરા મનથી કરતા રહો (૧૪) દુઃખમા ધૈર્યજ માણસને સંભાળે છે.



पाठ आठवाँ—પાઠ આઠમો.

छातीसें - છાતીથી, હિંમતથી **जिवनमें** - જીંદગીમા
कर्मोंसे કામોથી **आतंकी**—દુઃખીની **निकम्मे** -નકામા
बेकारी—સુસ્તી **भलिभाँती**-સારી રીતે **अलावा** સિવાય
श्यामसे-સીઆમથી **बुद्धिमता**-બુદ્ધિમાનપણું વિવેક
मारकाट-કાપાકાપી **त्रिकुटी**-ટીંડી **मितव्ययता**-નિયમિત ખર્ચ
दर्जेकी-પ્રકારની **आला**-ઉતમ. **धरोहर**-થાપણ

(૧) માએ છોકરાને છાતી સાથે વળગાડી દીધો. તેનું પાણી (માન) પ્હેલેથી ઉતરી ગયું હતું (૨) તેને એના નામથી માલ લેવામાં શો લાભ થવાનો છે ! (૩) નઠારા માણસ નકામા ટંટાથી

વેગળા રહે છે. (૪) સિંહલદ્વીપ અને સિયામથી બહુ સારાં નીલમ આવે છે. (૫) **बुद्धिमत्ता, मितव्ययता और सदाचार ये मनुष्यकों भली भाँती सुधार करने वाले हैं**—વિવેક, નિયમિત ખર્ચ અને સદાચાર એ માણસને સારી રીતે સુધારનાવાળા છે (૬) દરેક માણસે ઇચ્છવું જોઇએ કે તે મહેનત કરે, ઓછો ખર્ચ કરીને ચાલે અને હમેશાં નઠારાં કામોથી વેગળો રહે. (૭) મોટાઇ અને દારૂ આ બે વસ્તુઓ એક જગ્યાએ રહી શકતી નથી. (૮) કોઇએ કહ્યું છે કે હે આળસુ! કીડીની પેઠે મહેનત કરતાં શીખ (૯) સ્ત્રી જાતિ સ્વભાવથીજ કોમળ અને બુદ્ધિમાન હોય છે. (૧૦) સુસ્તી એવું દુઃખ છે કે જે બહાદુરોને પણ મારી નાંખે છે. (૧૧) **समय एक धरोहर है**—વખત એક થાપણ છે. અને હમારે તેનો પળેપળનો હિસાબ આપવો પડશે. (૧૨) તમારી શત્રુતાથી મિત્રતા બહુ ભયાનક છે (૧૩) હું જીંદગીમાં ફક્ત પોતાનું કર્તવ્ય મુખ્ય માનું છું. (૧૪) **मरने मारनेकी विद्या आला दर्जेकी नही है**—મરવા મારવાની વિદ્યા ઉત્તમ પ્રકારની વિદ્યા નથી. (૧૫) **किसी आर्तकी रक्षा या अपनी रक्षा के अलावा और किसी उद्देश्यसे मारकाट करनेका नाम हत्या है**-કોઇ દુઃખાનું રક્ષણ અથવા પોતાના રક્ષણ સિવાય બીજા કોઇ ઉદ્દેશથી કાપાકાપી કરવી તેનું નામ હત્યા છે.

पाठ नौवाँ—પાઠ નવમો.

जीवन आदर्श-જીંદગીનો ઉદ્દેશ. **करपावे**-કરવા પામે.

जान—જાણો. **खान**—ખાણ. **शूकर**-સૂવર, ભૂંડ.

युक्त-વાળો. श्रीमान-ધનવાન. अवगुण-ખરાબ ગુણ.
जीना-જીવવું. अनुचित-અયોગ્ય भाव-ઇચ્છા.
भेष-વેશ. मायप-બન્ધુતા. बनकर-બનીને.
जिय-જીવ. उत्थान-ઉદ્ધાર.

(૧) हृदय तू कहना मेरा मान--હે હૃદય! તું મારૂં કહ્યું માન. (૨) બધાની સાથે મનમા બન્ધુ ભાવ રાખ. (અને) અયોગ્ય અભિમાન છોડી દે. (૩) કોઇ માણસને તું હલકો સમજીશ નહિ. હલકાં કામવાળો જીવ હલકો જાણ. (૪) भाव, भेष, भाषा, भोज-नही मायापके सामान—ભાવ. વેશ ભાષા, ભોજન અને બંધુતાનો સામાન (બન્ધુતા વગેરે) (૫) एक विवेक युक्त इमकोकर हो तेरा उत्थान—એમને એક વિવેકવાળા (તું) કરે (તો) તારો ઉદ્ધાર થાય. (૬) क्या जीना है निज हित जीना-शुकर, श्वान समान?—શું જીવવું છે. પોતાના ભલા માટે જીવવું (એ) ભૂંડ અને કુતરા બરાબર છે. (૭) कर पाये यदि कुछ स्वदेश-हित तो तू है श्रीमान-જો પોતાના દેશનું હિત કરવા પામે, તો તું ધનવાન છે. (૮) क्या बनकर बलवान बना तू क्या बनकर विद्वान?-શું બનીને તું બળવાન થયો (અને) શું બનીને વિદ્વાન થયો! (૯) क्या बनकर श्रीमान बना तू रहा जो अवगुण खान:—શું બનીને તું શ્રીમાન થયો (જો) અવગુણની ખાણ રહ્યો. હે હૃદય! તું મારૂં કહ્યું માન.

पाठ दशवाँ—પાઠ દસમો.

शहरों-શહેરો. खुशामद-ખુશામત. अपेक्षा-કરતાં.
कौम-કોમ. जाडेसे-ટાઢથી. गोदमे-ખોળામાં.
झेलनेकी-સહેવાની. सिर्फ-ફક્ત. इल्म-ઉપાય.
आदर्श-નમુનો. सख्तियाँ-મુશ્કેલીઓ, कानों-કાને.
ओर-તરફ. शत्रुलोग-શત્રુઓ.क्षेत्रोत्पन्न क्षेत्रમાં ઉપજેલા.
मुआफ करना-માફી આપવી. प्रभावोत्पादक-અસર ઉત્પન્ન કરનાર.
आदरणीय-માન આપવા લાયક.
फटे पुराने कपडे-ફાટેલાં જુનાં કપડાં.

(૧) મેં જોયું કે તમે તમારી બહેન અને મારો છોકરો નદી તરફ જતાં હતાં (૨) આ ઘરમાં સ્ત્રીઓ રહે છે અથવા પુરૂષ ? (૩) શહેરોની ચારે તરફ કોટ હોય છે. (૪) ગરીબ પણ ટાઢથી મરવા ચ હતો નથી. (૫) પહેલાં જે કાને સાંભળ્યું હતું તે હાલ આંખે જોયું. (૬) શત્રુઓ પ્રથમ ચમત્કાર દેખાડે છે. (૭) સંપત્તિ અને વિપત્તિમાં, સુખ અને દુઃખમાં સ્વામીનું ઘર એજ સ્ત્રીનું ઘર છે. (૮) हमें कुछ जिंदगी की सख्तियों झेलनेकी जरुरत है-અમારે આખી જીંદગીની મુશ્કેલીઓ વેઠવાની જરૂર છે. (૯) તમે મોજ શોખને ફાટેલાં જૂનાં કપડાંની પેઠે હૃદયમાંથી દૂર કરો. (૧૦) धिक्कार के साथ बहुत दिन जीनेकी अपेक्षा-ધિક્કારની સાથે ઘણા દિવસ જીવવા કરતાં (૧૧) પુજ્ય અને વખાણવા લાયક થઇને એક દિવસ જીવવું પણ સુખદાયક છે. [૧૨] તમને આ ખુશામતનો ઉપાય કોણે શિખવાડ્યો હતો. (૧૩) રજપુતોની

કેમ ફક્ત લડવુંજ નથી જાણતી પણ માફ કરવાનું પણ જાણે છે (૧૪) પહેલા આર્ય દેવતાઓની પૂજા ખેતરમાં ઉત્પન્ન થએલી વસ્તુઓ, ફુલ, ફલ અને જૂદા, જૂદા, પ્રકારનાં અનાજોથી કરતા હતા. ૧૫) આખા સંસારના માણસો પોતાના માના ખોળામાં [ઉછરીને] સુધરે અથવા બગડે છે. (૧૬) માણસ એવું કામ નથી કરતો [કે] જે અસર ઉત્પન્ન કરનારૂં ન હોય. (૧૭) અમારે બીજાઓને લીધે આદર્શ [નમુના લાયક] બનવું જોઇએ (૧૮) સારાની સોબતમાં રહેવાથી માણસ સારો અને સત્કાર કરવા યોગ્ય થાય છે.

पाठ अगीयारवाँ. પાઠ અગીયારમો.

ग्यारहवाँ–અગીયારમો. उतनी–તેટલી शील–આચાર.
गौरव–અભિમાન. दाता આપનાર. अपेक्षा–કરતાં.
परामर्श સલાહ. मनहूँस–કમનસીબ. रत्नसे–રત્નથી
सयाना–સમજું. बढाना–વધારવા उंची उमंग–ઉત્તમ ઉત્સાહ
चुनकर–પસંદ કરીને. कुशलसे–સુખી लोगोंसे–લોક સાથે.

(૧) શાસ્ત્રનું જ્ઞાન ક્રમે ક્રમે થાય છે ગરીબી અને દુઃખ કોઇના ઉપર હમેશા રહેતું નથી. (૨) उदास मुख मनहुँस सा होता है–ઉદાસ મોઢું ગરીબના જેવું હોય છે. અને પ્રસન્ન મોઢાને જોનાર લોકો પણ પ્રસન્ન થાય છે. (૩) ગરીબાઇમાં પોતાનું ગૌરવ મોટું ભારે ધન છે. (૫) લોકાચાર વિરૂદ્ધ આચરણ કરનારનું કોઇ સન્માન કરતું નથી (૫) આચાર ભલે કુદરતી (સ્વાભાવિક) હોય (કે) ભલે બનાવટી પણ તે

સમાજનું અંગ છે. (૬) અમે પોતાનાં કામોના દૃષ્ટાંતથી હમેશાં જીવતા રહીએ છીએ (૭) ઉચા (ઘણા) ઉમંગવાળો બીજાની મારફત પોતાનો વૈભવ (મોજ શોખ) વધારવા ચાહતો નથી. (૮) સફળ જીવન તેનુંજ છે (કે) જેણે અન્ન વસ્ત્રથી પોતાનાં સ્ત્રી અને છોકરાંને રાજી રાખ્યાં. (૯) **सब लोगोंसे मेल रक्खो**—બધા લોકો સાથે સંપ રાખો.(૧૦) **पर सहस्रों में से एक को चुनकर आपना परामर्श दाता बनाओ** પણ હજારોમાંથી એકને પસંદ કરીને પોતાનો સલાહ આપનાર બનાવો. (૧૧) સાચો મિત્ર જીવનની ઔષધિ (દવા) છે (૧૨)સારા માણસો પોતાનાં છોકરાંને પોતાનાજ જેવો સ્વભાવ શીખવાડે છે.(૧૩) સારાં છોકરા ગનથી કમ (ઓછ) નથી હોતાં. (૧૪ **मैं जितनी दूर दौड सका उतनी दूर दौडा**—હું જેટલે દુર દોડી શકું તેટલે દુર દોડ્યો (૧૫) **मोहन भरतकी अपेक्षा सयाना है**-મોહન ભરતના કરતાં સમજુ છે. (૧૬) અજાણતામાં પડયા દુર્ગંતથી મરવા કરતાં પોતાની ઇચ્છાથી દેશને માટે, કર્તવ્યને માટે અથવા બાળાઓને માટે મરવું [એ] સુખી મોત છે (૧૭) **मेरे दोनों भाई कुशलसे हैं?** મારા બન્ને ભાઇ સુખી છે ?

पाठ बारहवाँ પાઠ બારમો મો.

बारहवाँ-બારમો	पैदल-પગ રસ્તો,	किसन ખેડુત
जुलाहोंके વણકરોનાં.	नौ-નવ	वाशिंदे રહેવાસી
अकसर-ઘણું ખરૂં	ज्यादा-ઝાઝા	तीन पांचवी ત્રણ પાંચમી
करीब-આશરે	फासिले पर-છેટે	उन्नीस-ઓગણીસ

जमात-ધોરણ आजादी-સ્વતંત્રતા आबादी-વસ્તી
अलावा-સિવાય लेकिन-પરંતુ तैली-ઘાંચી

સુમન-આપ મોહનપુરનાં રહેવાસી છો? વામન હાજી. હું ત્યાંજ રહું છું.

સુમન-અહીથી આપનું ગામ અગીઆર મૈલને આશરે દૂર હશે?

વામન-નાજી ફક્ત સાત આઠ મૈલ છે

સુમન-તમે ત્યાં પગ રસ્તે જાઓ છો કે ગાડીમાં?

વામન-मैं अकसर एक्के में जाता हुं-હું ઘણું ખરૂં એક્કામાં જાઉં છું પરંતુ આજકાલ ત્યાંથી અર્ધા કોસને છેટે-સ્ટેશન પણ બન્યું છે.

સુમન-મોહનપુરમાં કેટલી વસ્તી હશે? વામન-પહેલાં તો ચારસેં ઘર હતાં, પરંતુ આજકાલ દોઢસોને આશરે છે. સુમન-શું તે સઘળાં આપની જાતનાંજ છે? વામન-ના. અમારા ગામમાં ખેડુત ઝાઝા છે. અમારી જાતનાં તો ફક્ત ઓગણીસ વીસ ઘર છે. એની સિવાય બે ચાર બ્રાહ્મણોનાં, દસ વાણિયાનાં, ત્રણચાર ઘાંચીનાં. અનેક એક બે વણકરોનાં પણ ઘર છે. સુમન-શું ત્યાં નિશાળ પણ છે? વામન-હા એક છે. તેમાં છોકરા તથા છોડીઓ સાથે ભણેછે. સુમન-તેમાં છોડીઓની સંખ્યા વધારે નહિ હશે? વામન-નાજી. દસપંદર છે. તેમાંથી ત્રણ પાંચમા ધોરણમાં છે. સુમન-ત્યારે તો સંખ્યા સારી છે. વામન-અમારા ગામના લોક ઘણા સમજણા છે. (૧૪) वे आजादी और मेलके लाभ समझे हुए है-તેઓ સ્વતંત્રતા અને સંપનો લાભ સમજ્યા છે.

पाठ तेरहवाँ પાઠ તેરમો.

बस-આધીન	घंटे-કલાક.	निरा-કેવળ
विधिवाद-સારૂં નરસું.	तेरहवाँ-તેરમો	पूर्णमासी-પુનમ
जिनके-જેમનાં	कार-આસો	हफता-અઠવાડીઉં.
कहलाता है-કહેવાય છે	परिवा-પડવો	भादों-ભાદરવો
पक्ष-પખવાડીયું	वृहस्पत-ગુરૂ	दुज-બીજ
अगहन-માગસર	नौमी-નોમ	शनिचर શનિ
एकादसा-અગિયારસ	पूस-પોષ	इतवार-રવિવાર
सावन શ્રાવણ	माघ-મહા. मइ-મે.	सितंबर-સપ્ટેંબર

(૧) અમારા હિંદુ લોક સૂરજ ઉગ્યા પછીથી દિવસ ગણે છે. (માને છે.) (૨) દિવસના ચોવીસ કલાક માન્યા છે. સાત દિવસનું એક અઠવાડીઉં કહેવાય છે. (૩) સોમ, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર શનિ અને રવિવાર એ સાત વાર છે. (૪) મહિનો ત્રીસ દિવસનો ગણાય છે. પરંતુ એનું પણ કંઇ ઠેકાણું-નિયમ નથી. (૫) અમે લોક એક અમાસથી બીજી અમાસ સુધી એક મહિનો ગણીએ છીએ (૬) કેટલાક લોકો પુનમથી મહિનાનો અંત માને છે. (૭) इसमें कभी उनतीस दिनभी हो जाते है—એમાં કદી ઓગણત્રીસ દિવસ પણ થઇ જાય છે. (૮) મહિનાના બે ભાગ હોય છે, શુકલપક્ષ (અજવાળીઉં) અને કૃષ્ણપક્ષ (અંધારીઉં) (૯) દરેક પખવાડીયામાં પંદર તીથિઓ હોય છે. જેમનાં નામ આ છેઃ—પડવો, બીજ, ત્રીજ, ચોથ, પાંચમ, છઠ, સાતમ, આઠમ, નોમ, દશમ, અગિયારસ, બારસ, તેરશ,

ચૌદસ, અને અમાસ અથવા પુનમ. (૧૦) બાર મહિનાનું એક વરસ થાય છે. એમનાં નામ—ચૈત્ર, વૈશાખ, જેઠ, અષાઢ, શ્રાવણ, ભાદરવો, આસો, કાર્તિક, માગશર, પોષ, મહા, અને ફાગણ છે. (૧૧) અંગ્રેજ લોકોમાં રાતના બાર વાગ્યા (પછી)થી દિવસ ગણવાનો રિવાજ છે. (૧૨) આ લોકો રવિવારને પવિત્ર માને છે. તેમના બાર મહિનાનાં નામ આ છેઃ—જાનેવારી ૩૧, ફેબ્રુઆરી ૨૮, માર્ચ ૩૧, એપ્રિલ ૩૦, મે ૩૧, જુન ૩૦, જુલાઇ ૩૧, ઓગષ્ટ ૩૧, સપ્ટેંબર ૩૦, અકટોબર ૩૧, નવેંબર ૩૦, અને ડીસેંબર ૩૧. (૧૩) દર ચોથે વરસે અઠ્ઠાવીસ દિવસવાળા મહિનાના ઓગણત્રીસ દિવસ ગણાય છે.

पाठ चौदहवाँ પાઠ ચૌદમો.

चौदहवाँ-ચૌદમો किस શો यह-આ

स्वर्गीय संगीत—વિશેષ સુખ આપનારૂં ગાયન

निरा-કેવળ निधि-ખજાનો प्रशस्त-ઉત્તમ पथ—પંથ

गुंजित-ગુંજતું गौरव મોટાપણું, અભિમાન

वाञ्छित-ઇચ્છિત, જોઇએ તે. भोग्य-ભોગવવા લાયક

अलभ्य--નહિ મેળવી શકાય તેવું.

विधान-વ્યવસ્થા दुर्लभ-મુશ્કેલ निष्क्रिय-સુસ્ત

उपयुक्त-યોગ્ય विधिवाद-સારૂં વર્તું संभालो-સાવધાન રહો.

(૧) કંઇ (પણ) કામ કરો,કંઇ (પણ) કામ કરો. (૨) જગતમાં રહીને કંઇપણ કામ કરો,(૩) यह जन्म हूआ किस अर्थ अहो !

અહો ! આ જન્મ કયા અર્થને માટે થયો ! (४) **समझो जिसमें यह व्यर्थ न हो**–(તે) સમજો જેથી આ ફોકટ ન થાય. (५) **कुछ तो उपयुक्त करो तन कों**—શરીરને માટે કંઇ તો યોગ્ય કરો. (६) **नर हो, न निराश करो मनको**—માણુસ થઇને મનને નિરાશ કરશો નહિ. (७) **संभलोकि सुयोग न जाय चला**—સંભાળો કે (આ) સુયોગ ચાલ્યો જાય નહિ. (८) **कब व्यर्थ हुआ सदुपाय भला**—ઠીક સારો ઉપાય ક્યારે વ્યર્થ થયો. (ગયો) (९) **समझो जगको न निरा सपना**–જગતને ફક્ત સ્વપ્ન સમજશો નહિ. (१०) **पथ आप प्रशस्त करो अपना**:–પોતાનો પંથ (માર્ગ) વખાણવા યોગ્ય ઉત્તમ કરો. (११) **अखिलेश्वर है अवलंम्बनको**–ઇશ્વરનો આશરો લો, (ઇશ્વર આશરો લેવાને છે) માણસ થઇને મનને નિરાશ કરશો નહિ. (१२) **निज गौरवका नित ज्ञान रहे**—પોતાના ગૌરવનું હંમેશાં જ્ઞાન રહે. (१३) **"हम भी कुछ है" यह ध्यान रहे** (અને) અમે પણ કંઇક છીએ એવું ધ્યાન રહે. (१४) **सब जाय अभी पर मान रहे**–(તો) હાલ સઘળું (ટળી) જાય પણ મોટું માન રહે (ભલે). (१५) **मरणोत्तर गुञ्जितगान रहे** મરણ પછી ગુંજતું ગાયન રહે. (१६ **कुछ हो न तजो निज साधनको**–પોતાનાં પાસે) કંઇ પણ સાધન છોડશો નહિ. નર થઇને મનને નિરાશ કરશો નહિ. (१७) **प्रभुने तुमको कर दान किये**–પ્રભુએ તમને કેટલું (બધું) દાન કર્યું છે. (१८) **सब वाञ्छित वस्तु विधान किये**–સઘળી ઇચ્છિત વસ્તુઓની વ્યવસ્થા કરી છે. (१९ **तुम प्राप्त करो उसको न अहो!** અરે તેને તમે મેળવો નહિ. (२०) **फिर है किसका यह दोष कहां**–તો પછી કહો આ દોષ કોનો છે. (२१) **समझो न अलभ्य किसी धनको**—કોઇ

પણ ધનને નહિ મેળવાય એવું સમજશો નહિ. માણુસ થઈને મનને નિરાશ કરશો નહિ. (૨૨) **किस गौरव के तुम योग्य नहीं**—ક્યા ગૌરવને તમે લાયક નથી (૨૩) **कब कौन तुम्हें सुख भोग्य नहीं?** (અને) ક્યારે તમારું કયું સુખ ભોગવવા લાયક નથી? (૨૪) **जन हो तुम भी जगदीश्वर के**—તમે પણ પરમેશ્વરના માણસ છો (**सब है जिसके अपने घर के**—જેમકે આપણા ઘરનું સઘળું આપણુંજ છે તેમ જગતમાં જે મેળવીએ તે સઘળું આપણું છે. (૨૫) **फिर दुर्लभ क्या उसके जनको**—પછી તે માણુસને દુર્લભ શું છે. માણુસ થઈને મનને નિરાશ કરશો નહિ. (૨૬) **करके विधि-वाद न खेद करो**—સારૂં નરસું કરીને ખેદ કરશો નહિ. (૨૭) **निज लक्ष निरंतर भेद करो**—પોતાનું લક્ષબિંદુ શું છે તેનો હમેશાં ભેદ કરો. (૨૮) **बनता बस उद्यम ही निधि है**—ઉદ્યમનેજ આધીન ખજાનો બને છે. (૨૯) **मिलता जिससे सुखका निधि है**—જેથી સુખનો ભંડાર મળે છે. (૩૦) **समझो धिक निष्क्रिय जीवनको**—ક્રિયા વગરના-સુસ્ત જીવનને ધિક્કાર સમજો. માણુસ થઈને મનને નિરાશ કરશો નહિ.

पाठ पन्द्रहवाँ—પાઠ પંદરમો.

पन्द्रहवाँ—પંદરમો	**पनमारी**—ગાંધી	**पौन**—પોણો
छटांक—અધોળ	**पौनपाव**—પોણોપાશેર	**लौंग**—લવીંગ
करीब—આશરે	**साग**—શાક	**गन्धी**—સરૈયો.

बाजार-બજાર	**किसमिस**-દ્રાક્ષ	**यों**-એમ
पाव-પાશેર	**पाहुने** મેમાન	**ढाई** અઢી
अदरक-આદુ	**गोभी**-કોબીજ	**डेढ**-દોઢ
धनिया-ધાણા	**आध**-અરધો	**पालक**-ભાજી
कद्दू-પંડોળાં	**कद्दू**-લાલ કોળું	**तुरई**-તુરીઆં
भिण्डी-ભીંડા	**लानेके लिये**-લાવવાને માટે	
सागपात-શાકભાજી		

૧ મોહન આજ બજારમાં જશોને? કેમ શું કામ છે. ૨ આજ મારા મકાનમાં (ઘેર) બે ચાર મેમાન આવ્યા છે, ૩ તેઓ ક્યાંથી આવ્યા છે? તેઓ સુરતથી આવ્યા છે, ૪ ત્યારે તો શાકભાજી લેવાને માટે જવું હશે? કેમ મોટા બજારમાં જશોને? હાજી. ૫ ત્યાંજ સર્વે કંઈ મળશે. આજ શું શું ખરીદવાનો વિચાર છે? ~રેલની દુકા~ખુશબોદાર તેલ એક તોલો લેવું છે. ૬ **पनसारी के यहांसे बादाम पीस्ते लौंग और किशमिश लेनी है**—ગાંધીને ત્યાંથી બદામ, પીસ્તા, લવિંગ અને દ્રાક્ષ લેવા છે. ૭ સઘળી વસ્તુઓ અધોળ સુધી લેશોને? નાજી. **ढाई पाव किशमिश, डेढ पाव बादाम. आध पाव पीस्ते और पौन पाव लौंगकी जरूरत है**—અઢી પાશેર દ્રાક્ષ, દોઢ પાશેર બદામ, અર્ધો પાશેર પીસ્તા અને પોણો પાશેર લવિંગની જરૂર છે. ૮ શાક તો બજારમાં જઈને જોઈશું. ૧૦ આપે કંઈ વિચાર તો કરી રાખ્યા હશે? હાજી ૧૧ **यों तो पाव भर अदरक धनिया और सवा पाव लाल मिरच तो लिये विना काम चलने का ही नहि**—એમ તો પાશેર આદુ, ધાણા,

અને સવાપાશેર ગરચાં તો લીધા વિના કામ ચાલવાનુંજ નથી, ૧૨ બજારમાં જો બીજું કોઇ શાક નહિ મળે તો ૧૩ पालक; आलू, गोभी, भिण्डी, तुरई, कद्दू, ककड़ी, ककेदे, करेले, इत्यादी ढाई सेर तीन सेरके करीब ले लेंगे—ભાજી, બટાટા, કોબીજ, ભીંડા, તુરીઆં, કોળું, કાકડી, પંડોળાં, કારેલાં વગેરે અઢીશેર ત્રણશેરને આશરે લઇ લેઇશું. ૧૪ તેઓ બે ચાર દિવસ રોકાવાના છે. ૧૫ દૂધ દહીં તો ઘરમાં છે. આપે ગાય પણ પાળી હશે? હાજી. ૧૬ ગાય અને ભેંસ બંને છે. ત્યારે તો તમને પૂરો આરામ છે.

पाठ सोलहवाँ પાઠ સોળમો.

सोलहवाँ—સોળમો	सोगंध—સોગન	खूनसे—લોહીથી
मौका—પ્રસંગ	खाकर—ખાઇને	टोका—ચાંલ્લો.
जख्म—ઘા	दिखलाया—દેખાડ્યું	चाचा—કાકો
जीन—પલાણ	अकेला—એકલો	तूर्त—તરત
बुलाभेजा—તેડાવ્યો, બોલાવ્યો		कामयाब—ફતેહમંદ
तुरन्तही—તરતજ	मुआफिक—જેવા	लजानें—શરમાવા
ललाटमें—કપાળમાં.		

૧ મેવાડમાં મોગલોએ સારો બંદોબસ્ત કર્યો હતો. ૨ એટલા માટે અજયસિંહ હમણાં લાચાર થઇને પહાડોમાં જંગલી ભીલોની સાથે

રહેવા લાગ્યો. ૩ દૈવયોગે ત્યાં પણ ભીલોના નાયકની સાથે તેમને કોઇ કારણથી અણબનાવ થઇ ગયો. ૪ તેનું નામ મુંજો હતું. ૫ એક દિવસ પ્રસંગને લઇને તેણે અજયસિંહના માથામાં ઘા કર્યો. ૭ અજયસિંહને બે છોકરા હતાં. ૭ તેમણે બદલો લેવાને માટે ઘણા પ્રયત્ન કર્યા, પરન્તુ કામ પાર પડ્યું નહિ. ૮ છેવટે તેમણે અજયસિંહનો એક ભત્રીજો હમીર (કે) જે પોતાના મામાને ત્યાં રહેતો હતો. તેને તેડાવ્યો. ૯ હમીરે આવીને પોતાના હેવાલ જાણી પોતાના ભાઇઓને કહ્યું કે મુંજાને મારવા વાસ્તે બધી તૈયારીની શી જરૂર છે. ૧૦ હું એકલો જઇને આજેજ તેનું માથું કાપી લાવું છું. ૧૧ હું સોગંદ ખાઇને કહું છું કે—જો હું મારા કામમાં સફળ ન થાઉં તો મારૂં મોઢું તમને નહિ દેખાડું. ૧૨ એટલું કહીને તે તરતજ ઘોડાપર સ્વાર થઇને નીકળ્યો અને કેટલાક વખત પછી મુંજાનું માથું કાપી ઘોડાના જીનની સાથે બાંધીને લઇ આવ્યો. ૧૩ હમીરનું આ અપૂર્ણ સાહસ જોઇ (તે) તેના ભાઇઓને ઘણી નવાઇ લાગી અને તેઓ મનમાં લજાવા લાગ્યા. ૧૪ હમીરે ઘેર આવીને જ્યારે આ શુભ સમાચાર પોતાના કાકાને કહ્યા ત્યારે તેઓ રાજી થયા અને તરતજ તેમણે હમીરના કપાળમાં પોતાના શત્રુના લોહીથી ચાંલ્લો કરી પોતાનો યુવરાજ બનાવ્યો અને પોતાના પુત્રોને કહ્યું કે જો બની શકે તો આ ભાઇના-જેવા બની રહો.

पाठ सत्रहवाँ પાઠ સત્તરમો

सत्रहवाँ—સત્તરમો	**व्यायाम**—કસરત	**असभ्यों**—જંગલીઓ
आबोहवा—હવાપાણી	**वगैरे**—વગેરે	**पागल**—ગાંડો

पृथक्करण-છુટા કરવું कुर्द-કુર્દિસ્તાનના લોકો

मूल આધાર मजहब-ધર્મ लड़ी-લાકડી, બેગ

कई-કેટલાક उपरोक्त-ઉપર પ્રમાણે. प्रेरणा-સૂચના

परिवर्तन-ફેરફાર

सागाहारी-વનસ્પતિ ખાનાર ज्ञात होताहै-જણાય છે.

मात्रा-અંશ मिश्राहारी-સેળભેળ ખાનાર

(૧) અમે સઘળા જાણીએ છીએ કે પ્રાણિયોનો આધાર આહારજ છે (૨) એથીજ અમારા ધર્મ ગુરૂઓએ હવાપાણી, સમય, સ્થલ વગેરેનો વિચાર કરીને કેટલાક પદાર્થોને બળ, બુદ્ધિ અને સ્વભાવને નુકશાનકારક માન્યા છે. (૩) ચાલતા વખતના વિદ્વાનોનું પણ કહેવું છે કે જે જાતિ આવશ્યકતા, ધર્મની પ્રેરણા અથવા કોઇ બીજી મતલબથી એકજ તરેહનું ભોજન ઘણા વખત સુધી કરે છે, તેના સ્વભાવ ઉપર તે ભોજનની અસર થયા વિના રહેતી નથી (૪) ઇતિહાસ દેખાડે છે કે માંસાહારી કુર્દ અને તાર્તરીના લોકોનો સ્વભાવ હિંદુઓના સ્વભાવથી બિલકુલ વિરૂદ્ધ છે. (૫) કેમકે હિંદુ લોકો વનસ્પતિના આહારી છે. (૬) એથી સામાન્ય નિયમ એવો જણાય છે કે માંસાહારી જાત ચંચળ યુદ્ધમાં બહાદુર તથા સાહસી હોય છે. અને વનસ્પતિના આહારી લોકોમાં નમ્રતા, શાન્તિ અને વિવેકનો અંશ વધારે જોવામાં આવે છે. (૭) मिश्राहारी जाती युद्धमें असभ्योंकी अपेक्षा चतुर होती है और साथही शान्तिके साधनोंकी उन्नति और उनका उपयोग भी करती है-સેળભેળ ખોરાક ખાનાર જાત યુદ્ધમાં જંગલીઓ

કરતાં ચતુર હોય છે અને સાથેજ શાન્તિનાં સાધનોની ઉન્નતિ અને તેનો ઉપયોગ પણ કરે છે. (૮) એનું કારણ એ છે કે સેળભેળ ભોજનથી ઉપર કહેલા બન્ને પ્રકારના ગુણોનું મિશ્રણ હોય છે. (૯) **पागल अभियुक्तोंमें भी भोजन के परिवर्तनसे स्वाभावमें परिवर्तन पाया गयाहै**-ગાંડા ગુન્હેગારોમાં પણ ભોજનના ફેરફારથી સ્વભાવમાં ફેરફાર પમ્યા છે (૧૦) માંસ અને વનસ્પતિમાં એકજ જાતનાં તત્વ હોય છે. (૧૧) પૃથક્કરણ કરવાથી જણાય છે કે પહેલી જાતના ભોજનમાં ચરબી હોય છે અને બીજી પ્રકારનામાં ખેળ અને સાકર (૧૨) માંસવાળા ભોજનની ચરબી, અનાજવાળા ભોજનની ખેળ એ સાકરની બરાબર હોય છે, (૧૩) આ બે પ્રકારનાં તત્વોથી એકજ કામ થાય છે. (૧૫) માંસવાળું ભોજન અમારા દેશની આબોહવાને અનુકુળ નથી અને તેથી દેશને પૈસા સંબંધી હાનિ પણ વધારે છે. (૧૫) અનાજવાળું (વનસ્પતિનું) ભોજન સારી રીતે પકાવવામાં આવ્યું હોય અને વધારે ખાવામાં આવે તો શરીરને પુષ્ટ કરે છે. (૧૬) તેને પચાવવાને માટે પણ શક્તિની જરૂર છે. એટલા માટે કસરત વગેરે કરતા રહેવી જોઇએ. (૧૦) વનસ્પતિનો ખોરાક જ્યારે સારી રીતે પચે છે ત્યારે પુષ્ટતા પ્રાપ્ત થાય છે.

पाठ अठारवाँ પાઠ અઢારમો.

रस्सी-દોરડું	डोर-મોટું દોરડું	ढाई-અઢાઇ
चनों-ચણા	फी-મણ	अठारवाँ-અઢારમો

पाधा–છોડ　　झडनेपर–ખરી જવાથી
अलसी–અળસી　　खालिस–ચોખ્ખું　　अलग–છુટાં
पकड–એકર　　बोते–વાવે　　सडाकर–કોહોવરાવીને
घुंडियां–ડોડવાં　　दो वा तीन–બે અથવા ત્રણ
गहूं–ઘઉં　　टहनियां–ટીશીઓ　　स्याही–શાહી
खली–ખોળ　　नीले–આસમાની　　योरप–યુરોપ
वेरेनेसे–પીલવાથી

(૧) આ બીને સઘળા લોક જાણે છે. (૨) પ્રાચીન કાળમાં ભારતવાસી અળસીના છોડના રેસાથી લુગડાં બનાવતા હતા. આજ-કાલ એની ખેતી ફક્ત બીને માટે જ થાય છે. (૩) એનાં બી બે પ્રકારનાં થાય છે. (૪) એક પોળાં અને બીજાં લાલ (૫) ધોળી અ-ળસીનું તેલ લાલ અળસીથી સારૂં હોય છે અને વધારે નીકળે છે. (૬) હિંદુસ્તાનમાં એની ખેતીને માટે ત્રીસ લાખ એકરથી વધારે જમીન રોકાય છે. (૭) એને લીધે તે જમીન સારી જણાય છે. જે ઘઉં અને ચણાને માટે સારી હોય છે. (૮) એને ભાદરવા કે આસો-માં વાવે છે ? (૯) એના છોડ બે અઢી ફુટ ઉંચા થાય છે. એમાં ડાળીઓ ઘણી ઓછી થાય છે. (૧૦) केवल दो वा तीन लंबी, कोमल और सीधी टहानियाँ छोटी छाटी पत्तियोंसे गुछी हुइ निकलती हैं–ફક્ત બે અથવા ત્રણ લાંબી, કોમળ અને સીધી ટીશીઓ નાનાં પાંદડાંથી જોડાએલી નીકળે છે. (૧૧) એનું ફુલ આસમાની અને ઘણું સુંદર હોય છે. (૧૨) जिनके झडने-पर छोटी घुडियां बनती हैं–જેના ખરી જવા પછી નાનાં ડોડવાં બને છે. (૧૩) इन्हीं घुंडियोंमें बीज

रहते है-એનાં ડોડવામાં બી રહે છે. [થાય છે.] (૧૪) ફાગણ અથવા ચૈત્રમાં એ પાકે છે અને છોડને કાપીને ફળોમાંથી બીયાં છુટાં કરવાને લઇ જાય છે. (૧૫) અળશીનો ખોળ ગાયોને ઘણો પ્રિય હોય છે. [૧૬] એની લાકડીને પાણીમાં કોહોવરાવીને રેશાઓને છુટા કરી લે છે. જેમાંથી દોરી, દોર વગેરે બનાવે છે (૧૭) કાચાં બીયાં-માંથી તેલ પાતળું અને ઓછું નીકળે છે. એથી કરીને કપ્યા પછી બીયાંને સુકી જગ્યામાં રાખી મુકે છે. [૧૮] **फिर उसको पेरनेसे २१ थी २८ फी सैकडा तेल निकलता है**—પછી તેને પીલવાથી ૨૧ થી ૨૮ મણ મેંકડે તેલ નિકળે છે (૧૯) **खालिस तेलमें गंध और रंग कम होता है**—ચોકખા તેલમાં વાસ અને રંગ ઓછો હોય છે. એથી કરીને રંગવાને રંગ, છાપ-વાની શાહી, વારનિસ, સાબુ, નકલી રબર વગેરેમાં કામ આવે છે આજ કારણ છે કે દરસાલ કરોડો મણ અળસી યુરોપ જાય છે.



पाठ उन्नीसवाँ પાઠ ઓગણીસમો

उन्नीसवाँ—ઓગણીસમો **इन्कार**—નકાર **मुझेही**-મનેજ

स्वार्पण—અર્પણ કરવો, **फँसावेगी**—ફસાવશે

घरानेमे—રાજદરબારમાં, કુટુંબમાં. **ठिकाना** -ઠેકાણું

सौगंध— સોગન. **बेकार**-ફોકટ **आनेका**—આવવાનું

प्रण-પ્રતિજ્ઞા. **सामनाकर**—વેઠીને

निबाह—નભાવ્યું **हँसीकी**-મશ્કરીની

(૧) ભારતનાં બાલક ભિષ્મ પિતાના પવિત્ર પ્રતિજ્ઞા ભૂલ્યા નહિ હશે ! (૨) રજપુતસ્થાનના ઇતિહાસમાં પણ એવો એક અપૂર્વ દાખલો છે. (૩) ચિતોડની ગાદી ઉપર રાજ્ય કરતાં કરતાં લાખા રાણા ઘરડા થઇ ગયા, (૪) તેમના છોકરા પણ જુવાન અને રાજ-કાજમાં લાયક થયા હતા, [૫] તે વખત મારવાડમાં રાણા રણમલ્લ રાજ્ય કરતા હતા, [૬] તેમને રૂપગુણવાળી એક દીકરી થઇ હતી. [૭] તેનો વિવાહ ઉદેપુરના રાજદરબારમાં કરવાનો વિચાર કરીને રાણા રણમલ્લે એક માણસને નારિયેળ આપીને ચિતોડ વિવાહ કરવાને માટે મોકલ્યો, (૮) યુવરાજ ચોંડા ચિતોડમાં ન હોતા, (૯) વૃદ્ધ રાણાજી જે દરબારમાં બેઠા હતા તેમણે તેનો ઘણો સત્કાર કરી આવવાનું કારણ પુછ્યું. (૧૦) તેણે કહ્યું અમારા રાણાજીની કુંવરી હાલ વિવાહને લાયક થઇ છે. જેથી તેમણે આ નારિયેળ મોકલ્યું છે [૧૧] આપ એનો સ્વીકાર કરો, રાણો વાતનો ભેદ તો સમજીજ ગયો હતો (૧૨) તેમણે હસતાં હસતાં કહ્યું કે-" અમારા જેવા ઘરડાને હાલ કોણ નારિયેલ આપે છે ? " [૧૩] રાણાજીની મશ્કરીની વાત ચોંડાના દરબારમાં આવતા પહેલાં પહોંચી ગઇ હતી. (૧૪) રાણો બિચારો ક્યારે જાણતો હતો કે મારી મશ્કરી મનેજ ફસાવશે [૧૫] જ્યારે ચોંડા આવ્યો અને તેને નારિયેળ લેવાનું કહ્યું. ત્યારે તેણે ના કહ્યું, (૧૬) રાજાજીએ ઘણો પ્રયત્ન કર્યો પરંતુ સઘળો ફોકટ ગયો [૧૭] ચોંડો એવું સમજ્યો કે પિતાજીનો વિચાર લગ્ન કરવાનો છે (૧૮) બિચારા રાણાજીની વિપત્તિનું ઠેકાણું રહ્યું નહિ, (૧૯) એક તરફ મારવાડના રાણાનુ અપમાન, અને બીજી તરફ મેવાડના નાશના વિચારોએ તેને દુઃખમાં નાંખ્યો, (૨૦) વીર ચોંડો તરતજ સમજી ગયો તેણે પોતાના પિતાની સામે [પાસે] દેવીના

સોગન ખાઇ પ્રતિજ્ઞા કરી કે હું મારો હક્ક ગાદી ઉપરથી ઉઠાવી લઉં છું (૨૨) તેણે ભીષ્મની પેઠે અનેક દુઃખો વેઠીને પોતાની પ્રતિજ્ઞા જીંદગી સુધી પાળી (૨૩) વૃદ્ધ રાણાએ ફરી ખુશીથી લગ્ન કર્યું. (૨૪) લોકો રાજ્યના લોભથી અનેક નઠારાં કાર્ય કરીને દુનિયાંને દુઃખમાં સડાવે છે. પરંતુ ચોંડો પોતાના પિતાજીને માટે અને દેશની રક્ષાને માટે પોતાનો દેશ અર્પણ કરતાં પણ ડર્યો નહિ. (૨૫) (તેમ) છોકરાઓને ચાહાવું જોઇએ કે તેઓ પણ પોતાના પરિવાર અને દેશના રક્ષણને માટે પોતાનો દેહ અર્પણ કરતાં શીખે.

पाठ बीसवाँ પાઠ વીસમો.

बीसवाँ–વીસમો धुली–ધુલ पाऊ–મેળવું
जिव्हा–જીભ गोरे–ગોરા सारे–બધા
मातृ वंदना—માને નમસ્કાર सपूत–સારો છોકરો
भेदों ભીન્નતાઓ (હિંદુ મુસલમાન વગેરે જાતિ ભેદ)
ऐ–હે भेट–ભેટ बलिदान–ભોગ तुझ–તું चंदन–ટીલું
जिससे–જેથી पैर–પગ मैं–હું पै–ઉપર
मनावुं–માનવું નમસ્કાર કરૂં तेराही मंत्र તારોજ વિચાર

ऐ मातृभूमि तेरे चरणोमें शीश नमाऊं—હે માતૃભૂમિ તારા પગમાં માથું નમાવું. मै भक्ति भेट अपना तेरे चरणोमें लाऊ

હું મારી ભક્તિરૂપી ભેટ તારા પગ આગળ મુકું. **माथे पै तू हो चंदन छाती पै तू ही माला**—માથા ઉપર તું ચંદન રૂપે છે (અને) છાતી ઉપર તું માળા રૂપે છે. **जीव्हा पै गीत तूहो मैं तेराही नाम गाऊं** અને જીભ ઉપર તું ગાયન રૂપે છે તેથી તારૂં નામ ગાઉં. **जिससे सपूत उपजे श्री रामकृष्ण जैसे**—જેમાંથી શ્રી રામ અને કૃષ્ણ જેવા સપૂત પેદા થયા છે. **उस तेरी धूलीको मैं निजशीश पै चढाऊं**—તે તારી ધુળને માથે ચઢાવું **मानी समुद्र जिसकी धूलीका पान करके**—જેની ધુળને પાન કરીને સમુદ્ર મહત્તાને પ્રાપ્ત થયો છે. **करता है मान तेरे उस पैरको मनाऊं**—તે (સમુદ્ર તારા આશ્રયથી) માન કરે છે તે ચરણને હું નમસ્કાર કરૂં છું. **वे देश मान वाले चढकर उतर गये सब**—(તે) માન-વાળા દેશો (અહીં) ચઢાઇ કરીને (આવી આવીને) બધા જતા રહ્યા. **गोरे रहे न काले तुझको एक पाउ**—ગોરા અને કાળા લોકો-સિરિયા, આસિરિયા, ગ્રીસ વગેરે દેશના લોકો જેમની જાહોજલાલી પહેલાં અતિશય હતી એવાઓની પણ જાહોજલાલી રહેવા પામી નહિ. મતલબ કે તેમની કીર્તિ નાશ પામી પણ તું એકલી (માતૃભુમિને સંબોધીને) તો (જેવી)ને તેવીજ રહી. તેથી હું તને એકલી ! જ ભેગવું (શરણે આવવું) **सेवामां तेरी साच भेदोंकी भूल जाऊं**—તારી સેવામાં બધા ભેદોને હું ભૂલી જાઉં. **वह पुण्य नाम तेरा प्रति-दिन सुनुं सुनाऊं**—અને તે તારૂં પવિત્ર નામ દરરોજ સાંભળું સંભળાવું. **तेरे ही काम आऊं तेरा ही मंत्र गाऊं**—તારાજ કામમાં આવું અને તારોજ મંત્ર ગાઉં. **मन और देह तुझपर बलिदानमें चढाऊं**—મન અને શરીરને તારા ઉપર બલિદાનમાં આપું.

पाठ इक्कीसवाँ પાઠ એકવીસમો

इक्कीसवाँ—એકવીસમો — प्राय-ઘણું કરીને

देहाती—ગામડાના — सभी—સર્વ — दबी—ધીમા

पिटारी—કંડીઓ — कमरेमे—ઓરડામાં — आवाज—અવાજ

चद्दर—ચાદર — सोतेथे—સુતા હતા — मराहुआ—મુએલો

फन—ફેણ — तडके—પરોઢીએ — इधर-અહીં

बिछौने—બિછાનું, પથારી — पिटारीमे—કરંડીઆમાં

गोबर—ગાયનું છાણ — बहलानेवाली—ખુશી કરે એવી

घबराया—ગભરાયો — जीतही—જીવતાં છતાં — फैलाये—ફેલાવે

[૨] ઘણું કરીને ભારતના સર્વ ભાગોમાં સાપ જોવામાં આવે છે. (૩) સાપમાં વિશેષતા એ છે કે જ્યાં સુધી કોઇ તેને સતાવતું નથી ત્યાં સુધી તે કોઇને કરડતો નથી.

३ सापों के संबंधमे देहाती लोगोंसे कइ मन बहलाने वाली आर उनका स्वभाव बतलाने वाली सच्ची कथाये सुननेमे आति है—સાપોના સંબંધમાં ગામડાના લોકોની કેટલીક મન ખુશી કરે એવી અને તેમનો સ્વભાવ દેખાડે તેવી સાચી વાતો સાંભળવામાં આવી છે. [૪] તેઓમાંથી એક અમે અહીં લખી છે [૫] કહે છે કે કોઇ ગામમાં બે મદારી રહેતા હતા. (૬) તેઓ સાપોને પકડી લાવી લોકોને તેમનો તમાસો દેખાડી ગુજરાન કરતા હતા, એક દિવસ તેઓ જંગલમાં છ સાપ પકડી કરંડીઆમા બંધ કરી લાવ્યા અને તેઓ પોતાની

ઝુંપડીમાં મુકી દીધો. તેમની ઝુંપડીમાં બે ભાગ હતા. (૯) એકમાં તેઓ પોતાનું ખાવાનું રાંધતા હતા, અને બીજામાં સુતા હતા. (૧૦) તે કરંડીઓ તેમણે પોતાના સુવાના ઓરડામાં રાખ્યો હતો, અને રાતે ત્યાં બંને મદારી બિછાના પર ધોળી ચાદર પાથરી સુઈ રહ્યા હતા. (૧૧) તેમાંથી એક પરોઢીએ જલ્દી ઉઠીને ખાવાનું રાંધવાને માટે ઝુંપડીના બીજા ઓરડામાં ગયો. અને બીજો મજામાં સુઈ રહ્યો. (૧૨) કેટલાક વખત પછી જ્યારે તેની આંખો ઉઘડી ત્યારે તેણે જોયું કે બધા સાપ તેની ચારે તરફ ફેણ ફેલાવીને ઉભા છે. (૧૩) એથી તે ઘણોજ ગભરાયો, અને બીકને લીધે આંખો બંધ કરી સાપોથી બચવાનો ઉપાય વિચારવા લાગ્યો (૧૪) થોડીવાર વિચાર્યા પછી તે તેમની મતલબ સમજી ગયો કે ઝુંપડીની જમીન છાણથી લીંપેલી હોવાથી કંઇક કાળા રંગની દેખાય છે, અને જેના પર હું સુઈ રહ્યો છું તે ચાદરનો રંગ દુધના જેવો ધોળો છે. એનેજ લીધે સાપ અહીં આવ્યા છે. (૧૫) આ ધ્યાનમાં આવતાંજ તેણે પોતાના સોબતીને ધીમા અવાજથી બોલાવ્યો. (૧૬) તેણે આવીને પોતાના સોબતીનો આ હાલ જોઈને ઘરમાં જે દુધ રાખ્યું હતું તેને એક થાળીમાં રેડીને વેગળે રાખીને પોતે રસોડામાં જઈ બેઠો. (૧૭) ત્યાંથી તેણે જોયું કે દુધની વાસ આવતાંજ સઘળા સાપ થાળી ઉપર તુટી પડ્યા અને તેમને દુર થતાંજ તેનો સોબતી જે પોતાને જીવતાંજ મુએલો સમજી રહ્યો હતો (તે) દોડીને રસોડામાં પેશી ગયો. [૧૮] પછીથી તેમણે સાપોને પકડીને કરંડીઆમાં બંધ કરી દીધા.

पाठ बाईसवाँ પાઠ બાવીસમો

बाईसवाँ—બાવીસમો		काढतेथे—કાઢતા હતા
बरतन—વાસણ	तपस्वी—તપસ્વી	कटतेथे—જતા હતા
वक—વખત	होनहार—ભવિષ્યમાં દીપી નીકળનાર,	
मँगावती—મંગાવતી	थककर—થાકીને	
न्योता—નોતરું	अतिथियो—મેમાનો	पेड—ઝાડ
प्यास—તરસ	कापर—કાપડ	ज्योही—જેવો
मिट्टी—માટી	करवाइ—કરાવી	बान—બાણ
निछवर-અર્પણ	होकर-થઈને	आकर-આવીને

(૧) અયોધ્યામાં સૂર્ય નદીના કિનારા ઉપર શાન્તનું નામનો તપસ્વી રહેતો હતો. (૨) તેની સ્ત્રીનું નામ જ્ઞાનવતી હતું. (૩) તેઓ બન્ને ઈશ્વર ભક્ત હતાં. (૪) તેમને કોઈ બાળ બચ્ચું ન હતું એટલા માટે દુઃખમાં દિવસ કાઢતાં હતાં (૫) કેટલીક મુદત પછી ઈશ્વરની કૃપાથી તેમને ... છોકરો થયો (૬) તેનું નામ તેમણે શ્રવણ રાખ્યું (૭) **श्रवण होनहार बालकथा** શ્રવણ ભવિષ્યમાં દીપી નીકળનાર છોકરો હતો. (૮) એથી તેના માબાપના દિવસ આનન્દથી જતા હતા. (૯) શ્રવણ જયારે સત્તર વર્ષનો થયો ત્યારે તેનાં માતા પિતા આંખના દરદથી આંધળાં થયાં. (૧૦) એક દિવસ તેના પિતા શાન્તનુંએ પોતાના બાપનું શ્રાદ્ધ કર્યું અને કેટલાક મેમાનોને ભોજનને માટે નોતરું

૧) આ જોઈને શ્રવણે પોતાની માને પુછ્યું કે મારા પિતા

તો પોતાના સ્વર્ગવાસી પિતાની પુજા એટલા પ્રેમથી કરે છે અને તું (તો) પાણી સુદ્ધાંત પણ મારી પાસે નથી મંગાવતી ? (૧૨) તેની આએ કહ્યું કે હું એટલા માટે નથી મંગાવતી કે અમારી વૃદ્ધાવસ્થામાં તારે ઘણી સેવા કરવી પડશે, (૧૩) શ્રવણ પોતાના માબાપની સેવા ધ્યાનથી કરતો હતો. નાનપણથીજ તેને એમાં આનન્દ આવતો હતો. એક દિવસ તેના બાપે કહ્યું કે જ્યાં સુધી જાત્રા કરીને મહાત્માઓનો ઉપદેશ સાંભળી સત્સંગ કરવામાં ન આવે ત્યાં સુધી મોક્ષ થવો કઠણ છે. (૧૪) શ્રવણે પોતાના પિતાની ઇચ્છા જોઇ એક કાવડ તૈયાર કરાવી. (૧૫) તેમાં પોતાના માબાપને બેસાડી તે જાત્રાએ નીકળ્યો (૧૬) એક વખતે તે એક જંગલમાં થઇને જતો હતો (તે વખતે) તેનાં માબાપને તરસ લાગી. (૧૭) શ્રવણ એક માટીનું વાસણ લઇ પાણી લેવાને ગયો (૧૮) અયોધ્યાના રાજા દશરથ પણ તેજ વખતે એજ જંગલમાં શિકાર નહિ મળવાથી થકીને એક ઝાડની નીચે બેઠો હતો, (૧૯) શ્રવણે પાણી લેવાને માટે જેવો ઘડો પાણીમાં મુક્યો (ઘાલ્યો) કે તેમાંથી અવાજ થયો (૨૦) દશરથ સમજ્યો કે કેઇ પશુ પાણી પીએ છે (પી રહ્યું છે) એ તેણે બાણ માર્યું (૨૧) બાણ આવીને શ્રવણના પગમાં વાગ્યું અને તેનો પ્રાણ ગયો. (૨૨) માતાપિતાની સેવામાંજ શ્રવણે પોતાનો પ્રાણ આપી દીધો (૨૩)) (માટે) છોકરાઓ ! તમે પણ પોતાના માબાપની સેવા ધ્યાનથી કરો.

पाठ तेइसवाँ-પાઠ તેત્રીસમો.

थैली-થેલી, કોથળી — बकायन-ઝાડનું નામ
एकत्र-એકઠાં — ढकने-ઢાંકણું — परीमाण-માપ
मधु-મધ — पालना-પારણું — डाँवा-પેખુ
भला-ઠીક વારુ — इन्हींसे-એનાથીજ, — मुलायलम-કોમળ
गहराई-પહોળાઇ — काटने छांट[illegible]-કાપકુપ કરનારા
मुँह-મોઢું — जमजाता है-બેસી જાય છે
फाटक-દરવાજો — दर्जी-દરજી — बाहरी-બહારનો
अस्तर-પડ — मधु मक्षिका-મધમાખ — सन्दुक-પેટી
पाटकर-પાથરીને — रास्ते-રસ્તે — नाप-માપ
अनुवादक-તરજુમો કરનાર — पत्ते-પાંદડાં
बिल-દર — दैवात-દૈવયોગે

૧ પ્રખ્યાત હેનરી રેમર સાહેબના લેખોનો તરજુમો કરનારે એક જગ્યાએ લખ્યું છે કે બકાયન નામના ઝાડનાં અને ગુલાબનાં પાંદડાંમાં વિચિત્ર પ્રકારનાં કાણાં જોવામાં આવે છે ૨ તેમાંથી કેટલાંક ગોળ અને કેટલાંક ઈંડાની આકૃતિનાં હોય છે. ૩ એ છિદ્રોને જોવાથી એવું માલૂમ પડે છે કે આ કોઇ આળસુ અથવા ચતુર કારીગરનું કામ હશે ૩ અંડાકૃતિ કાણાં જુદાજુદા માપનાં હોય છે. પરંતુ તેઓ સહુકાઇ બંધ કપાયલાં રહે છે. ૪ ઠીક બતાવો જોઈએ આ લુગડાંને કાપકુપ કરનાર દરજી કોણ હશે. તે દરજી મધમાખ છે. ૫ જે પોતાનું ઘર બનાવવાને માટે કાપકુપ કરીને પાંદડાં એકઠાં કરે છે.

૬ પાંદડાંના અંડાકૃતિ કકડાથી કોથળી બનાવે છે. જેમાં ઇંડાં અને મધ રાખે છે. ૭ પાંદડાંના નાના ગોળાકાર કકડા કોથળીઓના ઢાંકણાના કામમાં આવે છે. એનાથી કાથળીઓનું મોં બંધ કરવામાં આવે છે. ૮ મધમાખ અગિઆર વાર કોથળીઓથી પોતાના ઘરની બહારનું ખોખું બનાવી લે છે. ૧૦ તે પોતાનુ ઘર ઘણું કરીને પૃથ્વી-પર રહેવાવાળી કીડી મંકોડાના ખાલી દરમા બનાવે છે. ૧૧ જો દરની પહોળાઇ છ સાત ઇંચથી વધારે થાય તો તેને પાંદડાંથી પાથ-રીને તેની પહોળાઇ ઓછી કરી દે છે. ૧૨ દરના બીજા રસ્તા પાગુ મજબુત પાંદડાંના દરવાજાથી બંધ કરી દે છે. ૧૩ ઘણું કરીને (એવું) જોવામા આવ્યું છે કે મધમાખ પોતાના બચ્ચાને માટે કોમળ કોમળ પાંદડાથી પારણું પણ બનાવે છે. ૧૪ કોથળીની અંદર કોમળ પાંદ-ડાંનું અસ્તર રહે છે. ૧૫ તેની ઉપર ઢાંકણું રાખે છે. જે તેના માથા-પર (મથાળાપર) ઠીક ઠીક બેસી જાય છે અને તેમાં કોથળીની અંદ-રનું મધ જતું નથી. ૧૬ જો કોઇ માણસ પોતાની પેટી ઘરમાં મૂકીને તેના મોઢાનું માપ લીધા વીના તેનું ઢંકણું ખરીદવાને બજા-રમાં જાય અને ઇશ્વર ઇચ્છાએ બરાબર ઢકણું લાવે તો તેને ઘણો આનંદ થશે. ૧૭ એવો પ્રસંગ પાંદડાં કાપવાવાળી મધમાખોને હમેશાં પડે છે ૧૮ એની પેઠે મધમાખ પોતાની પેટી અંધારામાં બનાવે છે, અને તે પેટીને વગર જોયે તેમાં ઠીક ઠીક બેસવાવાળા એવું સુંદર ઢાંકણું કાપી લઇ આવે છે. માનો (કે) તેણે કમ્પાસ યંત્રનો ઉપયોગ કર્યો છે.

पाठ चोबीसवाँ પાઠ ચોવીસમો.

चोबीसवाँ-ચોવીસમો		खटका-અવાજ
पीस सकता है-ભૂકો કરે છે		छूजानेसे-અડકી જવાથી
नुकीला-અણીદાર	बजातेही—વગાડતાંજ	कुतर-કાતરવું
तलाकार-તલવાર	रोयें-રૂઆં	चूहों-ઉંદરો
खोजमे-શોધમાં	लोहा-લોઢું	थूथन-મોં
चूहियो-ઉંદરડીઓ	पहलुओ-તળીઆં	तेज प्रकाश-વધારે
तेज-પ્રકાશ	बिल्ली-બિલાડી	[અજવાળું
खाल-ચામડી	कोठरीयो-કોટડીઓ	सन्दुक-પેટી
खोज-તપાસ	बदबु-દુર્ગંધ	गुरदे-માંસપેશી,
खाकी-ખાખી	कुतरनेवाले-કાતરવાવાળાં	
बस-રહી	पाते है-મળે છે.	बोरियो-કોથળા

૧ છોકરાઓ ! ગરમીના દિવસોમાં તમે કદી પોતાના ઘરોમાં એનો અવાજ તો સાંભળ્યો હશે? ૨ અવાજ વગાડતાંજ તે તરત કેવા બંધ થઇ જાય છે. ૩ તેને ઉંદરો તથા ઉંદરડીઓનો ભક્ષ કરવાવાળી બિલાડી પણ અડકતી નથી ૪ એની દુરર્ગંધથી તે દૂર રહે છે. ૫ એની આકૃતિ ઉંદરના જેવી હોય છે પણ એનું મોં ઘણું (આગળ) નીકળેલું અને અણીદાર હોવાથી જણાય છે કે તે ઉંદર નહિ પરંતુ છછુન્દર છે. ૬ તેના દાંત કાતરનારાં જાનવરની પેઠે નથી

હોતા અને દાઢો પર નાના નાના કાંટા ઉપસેલા હોય છે. ૭ છછુન્દર કાતરનારાં જાનવરોની પેઠે સખ્ત ચીજોને દાઢોથી ભૂકો કરી શકતા નથી (અથવા) આગલા દાંતોથી કાતરી શકતા નથી. ૮ રાતે પોતાના શિકારની વપાસમાં છૂ છૂ કરતાં નીકળે છે અને અહીં તહીંથી કીડી મંકોડીને શોધીને ખાય છે. ૯ તેના પગ નાના નાના અને પાતળા હોવાથી તે પંજો ટેકાવીને ચાલી શકતું નથી. ૧૦ એનાં બંને તરફ- આંમાં ચામડીની નીચે માંસપેશીઓ હોય છે. ૧૧, તેમાંથી જ દુર્ગંધ નીકળે છે, કહે છે કે જે ચીજ ઉપર છછૂન્દર ફરી જાય છે. તેમાં દુર્ગંધ રહી જાય છે. ૧૨ છછૂન્દરના અડકી જવાથી તરવારનું લોઢું પણ ખરાબ થઇ જાય છે અને ફરી તે સારૂ ટાપી શકતી નથી. એના શરીરનાં રૂવાં પણ નાનાં અને કંઇક આસમાની રંગને લીધે ખાખી અથવા રાખોડીના રંગના હોય છે. ૧૪ વધારે પ્રકાશમાં એનો રંગ સારી પેઠે માલુમ પડે છે. ૧૫ તે ગરમ મૂલકોનું રહેવા- વાળું હોવાથી ઠંડક તેને બહુ સતાવે છે. ૧૬ તેઓ દિવસે મોરિયો: દરો; અંધારી કોટડીઓ, પેટીઓ અથવા કોથળાની નીચે જ્યાં રક્ષણ મળે છે (ત્યાં) બેસી રહે છે ૧૭ છછૂન્દર દસ ઇંચ સુધી લાંબુ હોય છે. ૧૮ લોકોને વિશ્વાસ છે કે જ્યારે સાપ છછૂન્દરને પકડે છે ત્યારે તેને બંને રીતે નુકશાન થાય છે. જો મુકી દે તો આંધળો થાય અને ખાઇ જાય તો મરી જાય.

पाठ पचीसवाँ पाठ પચીસમો

કબીર સાહેબની સાખી.

पचीसवाँ—પચીસમો | दहुँदिस-ચારે તરફ

पछतावा—પસ્તાવો | सुमिरन—સ્મરણ, ભજન

चिड़ियाँ—પક્ષીઓ | कित – ક્યાં | जंजीर-સાંકળ


गँवाई-ગુમાવી | अस-એવી | बुदबुदा-પરપોટો

मनुवाँ-મન | छिपि—સંતાઇ | नाजानौं-કોણ જાણે

चुग गई-ખાઇ ગઇ | बहुरि-ઘણું | आछे-સારા | पाछे-પાછળ

(૧) માળા તો હાથમાં (ફરે છે) અને જીભ મુખમાં ફરે છે. મન ચારે તરફ ફરે છે પણ એતો ભજન કહેવાય નહિ (૨) કબીર કહે છે કે ગર્વ કરવો નહિ કારણ કે કાળ હાથમાં કેશ પકડે છે. ઘેર કે પરદેશ ક્યાં મારે છે તે કોણ જાણે (૩) જેમ લાકડું સળગે છે તેમ હાડકાં સળગે છે અને જેમ ઘાસ સળગે છે તેમ વાળ સળગે છે. તે પ્રમાણે સઘળું જગત બળતું જોઇ કબીર ઉદાસ થઇ ગયા. (૪) પાણીના પરપોટા જેવું માણસનું શરીર (નાશવંત) છે. જેમ તારા પ્રભાતને જોઇને સંતાઇ જાય છે તેમ (મનુષ્યની જાત) જોતાંજ સંતાઇ જશે. સુઇને રાત ગુમાવી અને ખાઇને દિવસ ખોયો (પૂરો કર્યો) હીરા જેવો આ જન્મ અમુલ્ય હતો (તે) કોડીના બદલામાં જાય છે. (૫) સારા દિવસો પાછળ ગયા (તેમાં) ગુરૂની સાથે પ્રીતિ કરી નહિ. જેમ પક્ષીઓ ખેતર ખાઇ ગયા પછી પસ્તાવો કરવો નકામો છે

તેમ હવે પ્રસ્તાવો શા માટે કરે છે. (૭) કાલે કરવાનું હોય તે આજ કર અને આજ કરવાનું હોય તે હમણાં કર. પલકમાં નાશ થશે માટે ઘણું ક્યારે કરીશ (૮) જેમ કાચા ઘડાને સાથે લઇને ફરતાં ઠોકરો લાગવાથી ફુટવાથી કશું હાથમાં આવતું નથી તેમ આ શરીર કાચા ઘડા જેવું છે. (૯) એક સિંહાસનમાં બેસીને ચાલે છે અને એક સાંકળે બંધાય છે તે રાજા ગરીબ કે ફકીર જે આવ્યો છે [તે સર્વ] ચાલ્યા જશે. કબીર કહે છે કે પોતે ઠગાઇએ (પણ) બીજા કોઇને ઠગીએ નહિ. [કારણ કે] પોતે ઠગાવાથી સુખ થાય છે [પણ] બીજાને ઠગવાથી દુઃખ થાય છે.



જાહેર ખબર.

અમારે ત્યાંથી આ રાજ્યની શાળાઓમાં ચાલતાં અંગ્રેજી ગુજ-
રાતી વગેરે તમામ પુસ્તકો તથા ત્રિવેદી તથા વાચનમાળા પ્રમા-
ણે ધોરણવાર નોટો (વ્યાકરણ) સ્પષ્ટિજ્ઞાન તથા ગવરમેન્ટ વાચનમાળા
પ્રમાણે ધોરણવાર નોટો તથા સ્પષ્ટિજ્ઞાન, હિંદી પ્રબોધમાળા ભાગ
૧-૨ ના અર્થ તથા હિંદી શિક્ષાવલી ભાગ ૧-૨ ના ગુજરાતી
અર્થ તરજુમા સાથે તથા અંકગણિત ભાગ ૨ જાના ખુલાસા ધો-
રણ ૪—૫ તથા ૬ માટે તથા દેશી હિસાબ ભાગ ૧ (જવાબના ઉપ-
યોગ સાથે) વગેરે બુકો મળશે કમીશન ભરપુર મળશે.

આ સિવાય ગણુવતપટા, કંકોત્રી સ્ટેશનરી સામાન વગેરે પણ મ-
ળશે, પત્ર વહેવાર નીચેને સરનામે કરવો:—

મહેસાણાના એજન્ટ
હરિ-લાલ રણછોડલાલ શુકલ
બુકસેલર મહેસાણા

મણીલાલ મુળજીભાઈ ઉપાધ્યાય
બુકસેલર અને પબ્લીશર
મુ૦ પેટલાદ